જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૮/૨૦૧૫ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૬૯૪/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૫૧૧ લીટર દેશી દારૂ, ૨૮૮ બોટલ ઇગ્લીશ દારૂ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૮ કેસ કરી ૩૯ વ્યક્તિઓ ઝડપી રૂપિયા ૧,૫૪,૪૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૧૬૯૫/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણ:-** **સમાચાર યાદી નં.૧૬૯૬/૧૫**

**મેઘાણીનગર** : ધનરાજ વામનરાવ ગવઇ (રહે.ડિગેન્ફ કોલોની, ભાર્ગવ રોડ, મેઘાણીનગર) એ તા.૨૦/૮/૧૫ નારોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૮/૧૫ બપોરનાં ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીકથી અજાણી વ્યક્તિ પોતાના પુત્ર સનદ (ઉ.વ.૯) ને અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.એ.ભગોરા ચલાવે છે.

**છેતરપીંડીની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૧૬૯૭/૧૫**

**ચાંદખેડા** :- અશોકભાઇ કેશાભાઈ પટણી (ઉ.વ.૩૩)(રહે.અશોકા આવાસ યોજના, ઔડા ચાંદખેડા) એ તા.૨૦/૮/૧૫ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે છેલ્લા બે વર્ષથી માહે મે-૨૦૧૫ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી (૧) બાબરભાઇ ભલાભાઇ પટેલ (રહે.તેજેન્દ્રપ્રસાદ સોસાયટી, વિરાટનગર) (૨) અમરસિંહ ઝાલા ઉર્ફે અમરસિંહ ગાંડાભાઇ પરમાર (રહે.ગોકુલ ફ્લેટ, વિભાવરી સોસાયટી પાછળ, જીવરાજપાર્ક) અને (૩) પાઉલભાઇ ક્રિશ્ચીયન (રહે.છોટાલાલની ચાલી સામે, રાજરાજી ટ્રાન્સપોર્ટ પાસે, ઓઢવ)એ એકબીજાની મદદગારી કરી અશોકભાઇ પટણીને તથા અન્ય સાહેદોને ઔડા અને કોર્પોરેશનમાં સેટીંગ કરી, ડાયરેક્ટ મકાન ફાળવવાની લાલચ આપી અશોકભાઇ પાસેથી અને અન્ય સાહેદો પાસેથી કુલ રૂપિયા ૧૨,૦૦,૦૦૦/- મેળવી લઈ તમામ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.દવે ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૬૯૮/૧૫**

**વેજલપુર :** કમાલુદ્દીન નુરમહંમદ શેખ (રહે.બરફની ફેક્ટરી પાસે, જુહાપુરા) એ તા.૨૦/૮/૧૫ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૭/૧૫ બપોરનાં ૩/૦૦ થી સાંજનાં ૬/૦૦ વાગ્યા દરમ્યાન જુહાપુરા ફજલે રબ્બી સોસાયટી ખાતે આવેલ એ/૭ પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાની બંગડી નંગ-૪ કિંમત રૂપિયા ૯૭,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.જાડેજા ચલાવે છે.

**વાહનચોરી :-** **સમાચાર યાદી નં.૧૬૯૯/૧૫**

**નરોડા :** તેજેન્દ્રસિંહ રામબાબુસિંગ પરિહાર(રહે.ચિત્રકુટ આવાસ યોજના મનોહર વિલા, નવા નરોડા) એ તા.૧૬/૮/૧૫ સાંજનાં ૬/૦૦ વાગે નરોડા ગણેશપ્લાઝા આગળ પોતાની ઓટોરીક્ષા નંબર જીજે ૧ સી.વી. ૧૮૬૫ કિમત રૂપિતા ૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી ત્રીસ મીનીટમાં થઇ હતી. આ અંગેની ફરીયાદ તેજેન્દ્રસિંહ પરિહારે તા.૨૦/૮/૧૫ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એ.બારોટ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૭૦૦/૧૫**

**સોલા હાઇકોર્ટ :** કરણભાઇ બલાભાઇ પરમાર (ઉ.વ.૪૫) (રહે. ગામ: મોટા વાસણા, તા.બાયડ, જી. અરવલ્લી) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૮/૧૫ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે ગોતા બ્રીજ ઉતરતાં ગાંધીનગર તરફ જવાનાં રસ્તેથી પોતાના ભાઇ કનુભાઇ ચાલતાં રોડ ક્રોસ કરી રહ્યા હતા ત્યારે કાર નંબર જીજે.૦૧.એચ.કે.૯૪૨૨ ના ચાલક વંદન ગોવિંદભાઇ વ્યાસે પોતાની કાર પુરઝડપે અને બેદરકારીથી ચલાવી, કનુભાઇને ટક્કર મારતાં, ગંભીર ઈજાઓ થતાં કનુભાઇનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.કે.અસોડા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૭૦૧/૧૫**

**મેઘાણીનગર :** સુરેખાબહેન દિનેશસિંહ સોલંકી (ઉ.વ.૨૭) (રહે.ઘાસલેટવાળી ચાલી, મેઘાણીનગર) એ પતિએ નિયમીત પ્રેગનન્સીની દવા લેવાનું કહેતાં, મનમાં લાગી આવતાં તા.૧૭/૮/૧૫ રાતના ૯/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઉધઇ મારવાની દવા પી જતાં, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરેલ, જ્યાં સારવાર દરમ્યાન તા.૧૯/૮/૧૫ રાતનાં ૯/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી  સાગરભાઈ હરીભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)